# 5 આળસું માણેકડું

# અભ્યાસ

## સ્વાધ્યાય

**૧. પ્રશ્નોત્તર**

**મૌખિક**

**પ્ર.૧ પોતાના પર મીઠાનું વજન હતું ત્યારે માણેકડું શું વિચારતું હતું?**

જ.૧ માણેકડાંની પીઠ ઉપર જ્યારે મીઠાનું વજન હતું ત્યારે તે વિચારતું હતું કે –માલિકે આ શું ખરીદ્યું છે ? કેટલું ભારે છે કે મારાથી ઊંચકાતું પણ નથી.

પ્ર.૨ માણેકડાની પીઠ ઉપર વેપારીએ રૂ નાખ્યું ત્યારે તે શું વિચારવા લાગ્યું?

જ.૨ માણેકડાની પીઠ પર વેપારીએ રૂ નાંખ્યું ત્યારે તે માણેકડું વિચારતું હતું કે આ વખતે વજન ઓછું છે પાણીમાં બેસીશ તો સાવ ઓછું થઈ જશે.

**લેખિત**

**પ્ર.૧ વેપારીએ બજારમાંથી મીઠું કેમ ખરીદ્યું?**

જ.૧ વેપારીએ સાંભળ્યું કે બજારમાં મીઠું ઓછા ભાવે મળે છે. તેથી તેણે મીઠું ખરીદ્યું.

**પ્ર.૨ પહેલીવાર માણેકડું નદીમાં જાણી-જોઈને પડયું હતું ?**

જ.૨ ના, પહેલીવાર મીઠાના વજનના કારણે માણેકડું નદીમાં બેસી પડયું હતું.

**પ્ર.૩ પાણીમાં બેસવાથી ગધેડાની પીઠ પરનું વજન કેમ વધી ગયું ?**

જ.૩ તે વખતે ગધેડાની પીઠ પર રૂ હતું. રૂ પાણી ચૂસી લે છે. પાણી ચૂસીને રૂ વજનદાર થઈ જાય છે. તેથી ગધેડાની પીઠ પરનું વજન વધી ગયું.

**૨. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો.**

**૧. વેપારી પાસે શું હતું ?**

☐ કૂતરો ☑ ગધેડો ☐ બિલાડી

**૨. માણેકડું ક્યાં પડયું?**

☐ ખાડામાં ☐ સડક પર ☑ પાણીમાં

૩. **માણેકડા પર વજન ઓછું કેમ થઈ ગયું ?**

☐ પાણીમાં પડી જવાથી ☑ મીઠું પાણીમાં ઓગળી જવાથી

૩. **ખાલી જગ્યા પૂરો.**

૧. બજારમાં મીઠું ···ઓછા··· ભાવે મળતું હતું. (વધારે/ઓછા)

૨. રૂમાં પાણી ભરાવાથી રૂ ···ભારે··· થઈ ગયું. (હલકું/ભારે)

૩. વજન ઓછું થવાથી માણેકડું ···ખુશ··· થઈ ગયું. (ખુશ/ઉદાસ)

૪. **મૂલ્યવર્ધક પ્રશ્નો.**

**મહેનત કરવી કેમ સારી વસ્તુ છે ? ☺ બનાવીને જણાવો.**

૧. આપણું કામ થઈ જાય છે. ☺

૨. આપણને ખુશી થાય છે. ☺

૩. આપણને કામ કરતા આવડે છે. ☺

૪. બીજા પર આધાર રાખવો પડતો નથી. ☺

૫. સારું નથી લાગતું. ☺

૬. શરીર સ્વસ્થ રહે છે. ☺

## ભાષાજ્ઞાન

૧. **નીચે આપેલા શબ્દ જૂથમાં કયો શબ્દ અલગ છે ?**

૧) ગધેડો, ઘોડો, ગાય, ઊંટ, માછલી

૨) બટાકા, ટામેટા, ગાજર, પાલક, કેરી

૩) કમળ, ગુલાબ, લીમડો, ચંપો, ચમેલી

૨. **કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.**

(પર, માં, ને, ની)

૧) માણેકડું માલિક ···ની··· સાથે ચાલવા લાગ્યું.

૨) વેપારીએ માણેકડાની પીઠ ···પર··· સામાન મૂક્યો.

૩) વેપારી માણેકડા ···ને··· લઈ મીઠું ખરીદવા ગયો.

૪) મીઠું પાણી ···માં··· ઓગળી ગયું.

૩. **'રુ' અને 'રૂ' વાળા શબ્દો લખો.**

રુ ···ગુરુ···, ···ચરુ···

રૂ ···રૂપિયા···, ···રૂમાલ···

**૪. જોડાક્ષરવાળા શબ્દો પાઠમાંથી શોધીને લખો.**

**ઉદાહરણ –** ···રસ્તો··· ···જગ્યા··· ···બોલ્યો···

···ખરીદ્યું··· ···સાંભળ્યું··· ···વિચાર્યું···

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

- **નીચેનામાંથી કઈ કઈ વસ્તુઓ પાણીમાં ઓગળે છે અને કઈ નથી ઓગળતી તે જુઓ.**

  ખાંડ, રેતી, મીઠું, પથ્થર.

  પાણીમાં ન ઓગળતી વસ્તુ : રેતી, પથ્થર

  પાણીમાં ઓગળતી વસ્તુ : મીઠું, ખાંડ

- વિચારો.

  અંતે માણેકડાને શું સમજાયું ?

  નોંધઃ પ્રમાણિકતા અને મહેનત કરવી જોઈએ તે સમજાયું.

  માણેકડું કેવું હતું ?

  નોંધઃ માણેકડું આળસુ હતું.

# 6 પાયલનું સાહસ

# અભ્યાસ

## સ્વાધ્યાય

૧. પ્રશ્નોત્તર

**મૌખિક**

**પ્ર.૧ પાયલ કેવી છોકરી હતી ?**

જ.૧ પાયલ બહુ સાહસિક અને હસમુખી છોકરી હતી.



**પ્ર.૨ પાયલે પોતાના ભાઈને કેવી રીતે બચાવ્યો ?**

જ.૨ પાયલે નજીક પડેલી લાકડીથી વીજળીના તારને દૂર કરીને ભાઈને બચાવ્યો.

**પ્ર.૩ પાયલને શાળામાં કેમ જવું હતું ?**

જ.૩ શાળામાં ખેલ-દિવસની તૈયારી થતી હતી અને પાયલને દોડની હરીફાઈમાં ભાગ લેવો હતો તેથી તેને શાળાએ જવું હતું.

**લેખિત**

**પ્ર.૧ ભણવાની સાથે પાયલને બીજી કઈ પ્રવૃત્તિઓમાં રસ હતો?**

જ.૧ ભણવાની સાથે પાયલને રમતો રમવામાં રસ હતો.

**પ્ર.૨ પાયલના માતા-પિતા કેમ ઉદાસ થઈ ગયા?**

જ.૨ પાયલના માતા-પિતાને જ્યારે ખબર પડે છે કે તે હાથથી કોઈ કામ કરી નહી શકે ત્યારે તેઓ ઉદાસ થઈ ગયા.

**પ્ર.૩ શિક્ષકો અને મિત્રો પાયલની પ્રશંસા કેમ કરવા લાગ્યા ?**

જ.૩ શિક્ષકો અને મિત્રો પાયલની ઈચ્છાશક્તિ અને હિંમત જોઈને દંગ રહી ગયા અને તેથી તેઓ તેની પ્રશંસા કરવા લાગ્યા.

**૨. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો.**

**૧. છોકરાઓ ખેતરમાં કઈ રમત રમતા હતા ?**

☐ ખો-ખો ☑ સંતાકૂકડી ☐ સાતોડિયું

**૨. શાળામાં પાયલને બેસવા માટે શું પાથરવામાં આવ્યું ?**

☐ ચાદર ☐ ચટ્ટાઈ ☑ શેતરંજી

**૩. મૂલ્યવર્ધક પ્રશ્નો.**

**તમે કોઈ હરીફાઈ (Competition) માં ભાગ કેમ લો છો ? એ 🙂 અથવા 🙁 બનાવીને જણાવો.**

૧. જીતવા માટે 🙂

૨. ભાગ લેવા માટે 🙂

૩. મનના આનંદ માટે 🙂

૪. મિત્રોને હરાવવા માટે 🙁

## ભાષાજ્ઞાન

**૧. બહુવચન બનાવો.**

| One | Many | | |
|---|---|---|---|
| થાંભલો | ···થાંભલા··· | બાળક | ···બાળકો··· |
| પુસ્તક | ···પુસ્તકો··· | | |

✤ **વિશેષ પ્રશ્નો :**

**૨. પાઠમાંથી અનુસ્વાર ( ˙ ) વાળા શબ્દો શોધીને લખો.**

···હિંમત···, ···કરંટ···, ···અંતાક્ષરી···,
···ઢંગ··· ···સંપૂર્ણ···, ···શેતરંજી···

**૩. નો, ની, ના વગેરેના ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો.**

૧. વીજળી ···નો··· થાંભલો.
૨. પાયલ ···નો··· ભાઈ.
૩. પાયલ ···ની··· હિંમત.
૪. પાયલ ···ના··· માતાપિતા.

**૪. જોડકા જોડો. (વિરોધી)**

| અ | બ |
|---|---|
| ૧. આગળ | સૂકાં |
| ૨. જલદી | ખુશ |
| ૩. લીલાં | નીચે |
| ૪. ઉદાસ | પાછળ |
| ૫. ઉપર | ધીરે |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

✤ **તમારા ઘરમાં વીજળીથી ચાલતી વસ્તુઓ કઈ કઈ છે ? એના ચિત્રો ચાર્ટ પેપર પર લગાવો.**

**નોંધ:** બાળકો પોતાની સમજ પ્રમાણે વીજળીથી ચાલતા સાધનોના ચિત્રો લગાવે, જે સામાન્ય રીતે ઘરમાં વપરાય છે. જેમ કે, ફ્રીજ, ટીવી, મિક્સર, ઈસ્ત્રી, હિટર વગેરે.

✤ **સડક સુરક્ષા માટે કેટલીક નિશાનીઓ-'સંકેત' જે રસ્તે આવતા-જતા જોવા મળતા હોય છે, એ શું સૂચવે છે તે જણાવો.**



# 7 હોડી મજાની

## સ્વાધ્યાય

૧. પ્રશ્નોત્તર

**મૌખિક**

**પ્ર.૧ ફોરાં શેમાં ઝીલવાનાં છે?**

જ.૧ ફોરાં નાનેરા હાથમાં ઝીલવાનાં છે.

**પ્ર.૨ હોડીને કોણ હંકારશે ?**

જ.૨ હોડીને રાજા હંકારશે.

**પ્ર.૩ વરસાદ કેવો લાગે છે?**

જ.૩ વરસાદ મધ મીઠો લાગે છે.

**લેખિત**

**પ્ર.૧ વરસાદમાં શું ખાવાની મજા આવે?**

જ.૧ વરસાદમાં મકાઈ અને જાંબુ ખાવાની મજા આવે.

**પ્ર.૨ હોડીમાં કોણ બેસશે?**

જ.૨ હોડીમાં વીજળી રાણી બેસશે.

**પ્ર.૩ હોડી કેવી છે ?**

જ.૩ હોડી સઢવાળી છે.

**પ્ર.૪ વરસાદ કયા મહિનામાં આવે ?**

જ.૪ વરસાદ અષાઢ-શ્રાવણ મહિનામાં આવે છે.

**૨. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો.**

**૧. પગલાં તે પાડો?**

☑ જાળવી જી રે ☐ તાણીને જી રે ☐ હાથમાં

**૨. વર્ષાની ઋતુ કેવી રીતે આવી?**

☐ જાળવીને ☑ રૂમઝૂમ કરતી ☐ હાથ પકડી

**૩. વીજળી રાણી શેમાં બેસીને આવશે ?**

☐ વાદળામાં ☐ રેલગાડી ☑ હોડીમાં

૩. **મૂલ્યવર્ધક પ્રશ્નો.**

૧. **વરસાદનું પાણી શેમાં શેમાં કામમાં આવે છે ? ચાર વાક્યો લખો.**

(૧) વરસાદના પાણીથી નદી-તળાવ ભરાઈ જાય.

(૨) ફૂલો ખીલી ઉઠે છે.

(૩) ખેતરમાં અનાજ લહેરાય છે.

(૪) વૃક્ષો લીલાંછમ થઇ જાય છે.

## ભાષાજ્ઞાન

૧. **સાચા શબ્દો સામે લીટી દોરો.**

| A | B |
|---|---|
| હોડી | ઝરમરિયો |
| વરસાદ | જાળવીને |
| રૂમઝૂમ | મોજ |
| પગલાં | સઢવાળી |
| મકાઈ જાંબુ | વર્ષાઋતુ |

૨. **વિરોધી શબ્દો.**

નાનેરાં × ···મોટેરાં···     મીઠાં × ···કડવાં···     રાજા × ···પ્રજા···

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. **કાગળની હોડી બનાવીને, પાણીમાં તરાવો**

કાગળની હોડી વર્ગમાં બનાવતા શીખવાડો.

૨. **સઢવાળી હોડી બનાવો.**

સાદી હોડી, સઢવાળી હોડી કઈ રીતે બને છે તે શીખવાડો.

૩. **ચિત્ર જુઓ અને નોટબુકમાં બે વાક્યો લખો.**

બાળકો વરસાદ જોઈ ખુશ થઇ ગયા છે. બાળકો પાણીમાં હોડી તરાવે છે.

**વાતચીત કરો**

૧. **વરસાદ આવે ત્યારે કેવું લાગે છે ?**

વિદ્યાર્થીઓને વરસાદમાં શું શું કરવાની મજા આવે છે તેની ચર્ચા કરાવો. વરસાદમાં કેવી સાવચેતી રાખવી જોઈએ તે સમજાવો.

૨. **વધારે વરસાદ આવે તો શું થાય ?**

વધારે વરસાદ આવે તો પૂર આવે. પૂર આવે તો ચારે બાજુ પાણી જ પાણી થઇ જાય. ખૂબ નુકસાન થાય એ સમજાવવું.

# 8 સ્વચ્છતા એક શરૂઆત

# અભ્યાસ

## સ્વાધ્યાય

૧. પ્રશ્નોત્તર

### મૌખિક

**પ્ર.૧ હિમાએ શાળાએથી આવીને શું કર્યું ?**

જ.૧ હિમા શાળાએથી આવીને હાથ-મોં ધોયા વગર જમવા બેસી ગઈ.

**પ્ર.૨ મચ્છર, માખી ક્યાં જોવા મળે છે ?**

જ.૨ જ્યાં કચરો અને ગંદકી હોય ત્યાં મચ્છર, માખી જોવા મળે છે.

**પ્ર.૩ બહાર કચરો ક્યાંથી આવે છે ?**

જ.૩ આપણે ઘરનો કચરો, વધેલું ખાવાનું વગેરે બહાર જ્યાં ત્યાં ફેંકીએ છીએ તે જ કચરો બહાર ભેગો થાય છે.

### લેખિત

**પ્ર.૧ આગમ કેમ બીમાર પડયો હતો ?**

જ.૧ આગમ બહાર રમવા ગયો હતો ત્યાં બહું ગંદકી અને કચરો હતાં. ત્યાંથી આવીને તે હાથ-પગ ધોયા વગર જમવા બેસી ગયો તેથી તેને ઈન્ફેકશન થયું અને તે બીમાર પડયો.

**પ્ર.૨ આગમને શું થયું હતું ?**

જ.૨ આગમને ઝાડા-ઊલ્ટી થઈ ગયા હતા.

**પ્ર.૩ ગંદકી કેવી રીતે થાય છે ?**

જ.૩ આપણે કચરો, વધેલો ખોરાક વગેરે બહાર જ્યાં ત્યાં ફેંકી દઈએ છે એના કારણે બધું ભેગું થવાથી ગંદકી થાય છે.

**૨. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો.**

**૧. હિમા શાળાએથી આવીને ?**

☐ ઘરકામ કરવા લાગી ☑ જમવા બેસી ગઈ ☐ હાથ-મોં ધોવા ગઈ

**૨. આગમની બીમારી ?**

☐ શાળામાંથી આવી હતી ☑ રમવા ગયો ત્યાંથી આવી ☐ હીમાના ઘેરથી આવી

**૩. આપણે ઘરની સાથે સાથે ?**

☑ શરીર પણ સ્વચ્છ રાખવું જોઈએ ☐ બહારનું ખુલ્લું ખાવાનું ખાવું જોઈએ

☐ બહાર ગંદકી કરવી જોઈએ

૩. મૂલ્યવર્ધક પ્રશ્નો.

નીચે મોનુની દિવસ દરમ્યાનની કેટલીક ક્રિયાઓ આપી છે કઈ ક્રિયા યોગ્ય છે, એની સામે 🙂 દોરો.



## ભાષાજ્ઞાન

૧. વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્વચ્છતા | × | ...ગંદકી... | બીમાર | × | ...તંદુરસ્ત, સ્વસ્થ... |
| ચોખ્ખી | × | ...ગંદી... | ખુલ્લું | × | ...ઢાંકેલું... |
| બહાર | × | ...અંદર... | | | |

૨. જોડાક્ષર વાળા શબ્દો લખો. પાઠમાંથી શોધો.

મ્ + મી = મ્મી ...મમ્મી... ...સ્વચ્છ... ...સ્વચ્છતા...

...ઊલ્ટી... ...ઈન્ફેક્શન...

૩. 'દીર્ઘ-ઈ' વાળા શબ્દો લખો.

| | | | |
|---|---|---|---|
| ...બીમાર... | ...ચોપડી... | ...મમ્મી... | ...માસી... |
| ...બેસી... | ...આવી... | ...નાહી-ધોઈને... | ...ગંદકી... |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

તમારા ઘરમાં સફાઈ કરવા માટે કયા કયા સાધનો વપરાય છે, તે ચિત્ર સાથે એક ડ્રોઈંગ પેપરમાં લખો. દરેકના ઉપયોગ એક-એક વાક્યમાં લખો.

વિદ્યાર્થીઓ પાસે ઘરમાં વપરાતા સાફ-સફાઈના સાધનો ડ્રોઈંગ-પેપર પર ચોંટાડાવો. તે દરેકનો ઉપયોગ કઈ રીતે થાય છે તે લખાવો.